




# 2025 2026

## શાળા પ્રવેશ ફોર્મ

## SCHOOL ADMISSION FORM

जय जवान जय किसान | हम सब एक हैं | कोमीनारा वंदे मातरम | वंदे मातरम



ESTD. 2000

## SHREE CHHOTUBHAI A. PATEL ACADEMY

( Sports, Cultural & Spiritual Centre )

Mgd. by **SHAKTI KRUPA CHARITABLE TRUST**

ESTD. 2000

## SHREE CHHOTUBHAI A. PATEL LEARNING INSTITUTE

**Govt. Recognized Self- financed English & Gujarati Medium Schools**

Mgd. by **SHAKTI KRUPA CHARITABLE TRUST**


At & Post: Mota Fofalia, Ta.: Sinor, Dist.: Vadodara, 391115, Gujarat, India.

+91 75748 44100 www.shaktikrupa.org caplimf@gmail.com



FOUNDER TRUSTEE
SHREE CHHOTUBHAI A. PATEL













**VISION** - A state-of-the-art, multidimensional, educational institute with classrooms and curriculum tuned to students' needs in a modern world, complete with facilities for sports, fine & performing arts and spiritual & cultural pursuits.

**MISSION** - To develop world-class citizens with strong character & leadership skills to forge a better tomorrow through the pursuit of EDUCATION at the highest level of excellence.

### OBJECTIVES

- To offer educational programme that support children's academic, moral, social and physical development.
- To provide state-of-the art facilities, technologies and infrastructure to optimize teaching and learning outcomes.
- To foster global-mindedness through interactions and exchange programme with organizations and educational institutions around the world.
- To encourage children to develop the qualities of self-discipline, positive self-image, resourcefulness, teamwork, spirit of adventure and leadership.
- To promote fluency in English, Gujarati, Hindi and languages.

### SCHOOL AT A GLANCE

- Ours is the co-educational **English & Gujarati** medium schools with more than **1000 students**, spread over **20 acres of land**, established in **2000** with only **75** students.
- Our school has **75,000** sq. ft. **school building**, a separate area of **500,000** sq. ft. with latest international sports facilities and 15**00**-seat **Auditorium.**
- Our school has **5 well-equipped Laboratories** for Physics, Chemistry, Biology, & separate Science laboratories for primary and secondary sections, **Digital classrooms, Computer Lab.** and **Library** with more than **10,000** books.
- Our school has **Four Houses** (Blue, Green, Red, Yellow) to foster a sense of solidarity, co-operation, sporting spirit & healthy competitions amongst us.
- Our School encourages students through the development of self-discipline, self-control, Social awareness, positive attitude and responsibility towards the community & nation by our unique **Student-To-Student Care** program.
- Students have an opportunity to promote themselves at National & International levels to foster a spirit of understanding among the peoples of the world through STUDENT EXCHANGE PROGRAMME.
- We are proud of having committed and trained **Faculties** in all fields & **1:20** Teacher: Student ratio for individual attention.

### HOSTEL AT A GLANCE

- Our Institute has separate **25,000** sq. ft **Residences** for over **125 girls** & **50,000** sq. ft. **Residences** over **250 boys** with **2** separate reading halls of **7500** sq. ft. each.
- Separate own bed with all bed linen & blankets, and wardrobe are provided to each student.
- We all take our well-balanced & nutritious pure Vegetarian meals together served with 2 main meals of the day as well as snacks in spacious & airy **17000 sq. ft. Dining hall** for 800 students.
- Regular Medical check-ups & Treatment for hostel students is provided by our own **Community Health Centre.**
- Academic support is provided through Remedial classes to hostel students by our school teachers.

### SPORTS ACADEMY AT A GLANCE

- Our school is recognized **District Level Sports School (DLSS)** by Gujarat government.
- Our school has **full size Hockey/Football** fields, **5 Basket ball** courts, **2 Lawn Tennis** courts, **2 Volleyball** courts, **75-meter Skating rink**, Separate **Archery field** and Practice **Golf course.**
- **7.5 acres** lush green international size & standard **Cricket Ground** with 4 pitches, and 4 practice pitches with different playing surfaces.
- **15000 sq.ft. Multipurpose Indoor Hall** with International standard training cum competitive apparatus for **Gymnastics.**
- More than 300 schoolmates participate and give their best performance in District, State & National level Sports/Academic & Cultural Activities Competitions every year.

તા.16-01-2025

સ્નેહી વાલીમિત્રો,

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે આપણી સંસ્થાના આદ્યસ્થાપક શ્રી છોટુભાઇ પટેલ (પ.પૂ. બાપુજી) તથા પ.પૂ. સવિતાબાના આર્શિવાદ અને પ્રેરણા થકી આપણી માતૃસંસ્થા "શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ" સ્થાપનાના **41** વર્ષ પૂર્ણ કરેલ છે. આજે સંસ્થા આરોગ્ય ક્ષેત્રમાં છેલ્લા **28** વર્ષથી રાષ્ટ્રકક્ષાએ નમૂનેદાર "સામુહિક આરોગ્ય કેન્દ્ર"ના સફળ સંચાલન દ્વારા આરોગ્ય સેવાઓ અને છેલ્લા **24**વર્ષથી આપણી શાળા અને સ્પોર્ટસ એકેડેમી દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં શહેર સમકક્ષ કે તેથી ઉત્કૃષ્ટ શૈક્ષણિક સેવાઓ ઉપલબ્ધ કરાવી રહી છે. જેમાં સંસ્થાના સૌ કાર્યકર મિત્રો, આપ સર્વે વાલી મિત્રો તથા શુભેચ્છક મિત્રોનો સાથ સહકાર મળી રહે છે જે ગૌરવની બાબત છે.

શાળામાં સંસ્થાના મુખ્યદાતાશ્રીઓ ડો. કિરણભાઇ, ડો. દિનેશભાઇ તથા શ્રી પ્રદિપભાઇ પટેલ તથા સમગ્ર પરિવારજનો કે જેઓ વિદેશમાં સ્થાયી થયેલ છે, પરંતુ તેઓના વિચારો, અનુભવો અને આર્થિક સહયોગનું આપણી સંસ્થાના વિકાસમાં બહૂમૂલ્ય યોગદાન રહેલ છે.

સંસ્થા ગ્રામ્ય વિસ્તારમાં હોય કે શહેરી વિસ્તારમાં પરંતુ તે રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા સંપન્ન હોવી જોઇએ તે બાબત મૂળભૂત આયોજનમાં રાખી સંસ્થા દ્વારા **16** એકર જમીનમાં **100,000** સ્કે.ફીટનું અદ્યતન શાળા સંકુલ, **75,000** સ્કે.ફીટની હોસ્ટેલ તથા **17,000** સ્કે.ફીટનું ભોજનાલય ઉપરાંત **15,000** સ્કે.ફીટનો ઇન્ડોર હોલ તથા આંતરરાષ્ટ્રીય સ્તરનું ક્રિકેટ મેદાન સહિતનું વિશાળ રમત સંકૂલ અને અદ્યતન સુવિધાઓ આશરે **20** કરોડના ખર્ચે નિર્માણ કરી શકયા છે. આપણી શાળા રાજ્ય સરકારશ્રી પ્રમાણિત શાળાઓ પૈકીની જીલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ **(DLSS)** છે.

સંસ્થામાં તમામ ભૌતિક સુવિધાઓ ઉપરાંત આધુનિક ટેકનોલોજીથી સજ્જ ડીઝીટલ કલાસરૂમ તથા અનુભવી શિક્ષકો અને તજજ્ઞો દ્વારા શાળા શિક્ષણ અને રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પૂરક શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

સંસ્થામાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓને સંતુલિત મહત્ત્વ આપવામાં આવે છે. શાળા અભ્યાસ ઉપરાંત વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ જેવી કે જીમ્નાસ્ટીકસ, તીરંદાજી, બાસ્કેટબોલ, સ્કેટીગ, ક્રિકેટ, હોકી, ફૂટબોલ, ખો-ખો, યોગ, વોલીબોલ, એથ્લેટીકસ,ગોલ્ફ તથા અન્ય રમતો, સંગીત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં, ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પણ આપણી શાળાના બાળકો રાજય/રાષ્ટ્રકક્ષા સુધી ભાગ લઇ અનેક સિધ્ધિઓ પ્રાપ્ત કરી ચૂકયા છે.

સંસ્થામાં વર્ષ દરમિયાન અનેક દેશોમાંથી શિક્ષણ, આરોગ્ય કે અન્ય ક્ષેત્રના મહાનુભવો અવાર નવાર મૂલાકાતે આવતા હોય છે. બાળકો સાથે વિચારોની આપ-લે થતી હોય છે. તેમજ સંસ્થા દ્વારા **STUDENT EXCHANGE PROGRAMME** વિદેશી સંસ્થાઓ સાથે રહી ચલાવવામાં આવે છે.

આપણી આ શાળા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્ય છે. અને આ બોર્ડ દ્વારા લેવાતી બોર્ડ પરીક્ષામાં અંગ્રેજી માધ્યમમાં શરૂઆતથી આજ સુધી ધોરણ **10** અને ધોરણ **12** ( વિજ્ઞાન પ્રવાહ )ની પરીક્ષામાં **100%** પરિણામ અને ગુજરાતી માધ્યમમાં પણ **90%** થી વધુ પરિણામ દ્વારા આપણા વિદ્યાર્થીઓ તબીબી, ઇજનેરી શાખાઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે.

સંસ્થાના આદ્યસ્થાપકશ્રી છોટુભાઇ એ. પટેલ ( પરમ પૂજય બાપૂજી )ના સ્વપ્ન સમા આ શાળા સંકુલમાં આપણા દાતાશ્રીઓનો સુંદર સહયોગ અને માર્ગદર્શન, ટ્રસ્ટીશ્રીઓના પારદર્શક વહિવટ અને આયોજન તથા સંસ્થાના કાર્યકરોનો ઉત્સાહ, મહેનત અને સેવાભાવનાથી સંચાલિત આ સંસ્થાના નિયમો, પ્રણાલિકાઓથી આપ માહિતગાર બનો અને પુખ્ત વિચારણાના અંતે આપશ્રીએ આપણા બાળક માટે લીધેલ નિર્ણય સંસ્થાના નિતી નિયમોનુસાર આપને ફળદાયી નીવડે એવી શુભકામના સહ.

વ્યવસ્થાપકગણ
શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ, મોટા ફોફળીયા.

## Admission Procedure :

**01**

The new academic year of the school commences in **June of every year**. Therefore, it is necessary to complete the procedures for the admission before June. In the School, the education is imparted as per the syllabus and books recommended by Gujarat State Education Board for Primary, Secondary and Higher Secondary sections in English & Gujarati Medium.

**02**

The Students are required to be able to understand English language comfortably for English medium education.

**03**

For admission in **K. G. section of English/Gujarati medium,** only **age criteria as per Government/ institute norms** will be considered. There will not be any test or interview for K.G. section.

**04**

For admission in upper classes of English/Gujarati medium, the opportunity will be given to the students on the basis of vacancy and as per the rules and regulations of the institute. Application form along with the result of the previous class & other related documents must be registered within the time limits for admission in upper class.

**05**

**It should not be considered that the student is admitted in the school by simply registering the application form. The decision for the admission by the management shall be final and binding to all.**

**06**

Generally for admission in upper class, performance in the applicable examination/test, co-curricular activities and informal meeting is considered.

**07**

Admission in upper classes, personal meeting with concerned will be arranged usually on the second Sunday of February for English/Gujarati medium every year.



## શાળા પ્રવેશ અંગેની કાર્યવાહી:

**01**

દર વર્ષે શાળાનું **નવુ સત્ર જૂન માસમાં** શરૂ થતુ હોય છે. શાળામાં પ્રવેશ અંગેની કાર્યવાહી તે પહેલા પૂર્ણ કરવી આવશ્યક છે. શાળામાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં પૂર્વ પ્રાથમિક,પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ પ્રમાણિત અભ્યાસક્રમ મૂજબ શિક્ષણ આપવામાં આવે છે.

**02**

અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવા માંગતા બાળકોને સહજ રીતે અંગ્રેજીમાં આપવામાં આવતી સૂચનાઓ / શિક્ષણ સમજી શકે તેટલી આવડત હોવી જ જોઇ એ.

**03**

ગુજરાતી/અંગ્રેજી માધ્યમના **કે.જી. વિભાગમાં સરકારશ્રી/ સંસ્થાના વય મર્યાદાના નિયમોનુસાર** પ્રવેશ આપવામાં આવે છે. કે.જી વિભાગમાં બાળકના પ્રવેશ માટે કોઇપણ પરીક્ષા કે ઇન્ટરવ્યુ લેવામાં આવતા નથી.

**04**

શાળામાં ઉપલા ધોરણોમાં જગ્યા હશે અને સંસ્થાના નિતી-નિયમોનુસાર પ્રવેશની મર્યાદામાં શાળામાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ હાલમાં જે ધોરણમાં અભ્યાસ કરે છે તે અગાઉના ધોરણના વાર્ષિક પરિણામ રજૂ કરી જે તે વર્ગના પ્રવેશ ફોર્મ મેળવી સમયસર નોંધણી કરાવવાની રહેશે.

**05**

**પ્રવેશ ફોર્મની નોંધણી કરવાથી શાળામાં પ્રવેશ મળી ગયેલ ગણાશે નહી અને પ્રવેશ કોને આપવો કે ન આપવો એ અંગે સંચાલક મંડળનો નિર્ણય આખરી ગણાશે અને સર્વેને બંધન કર્તા રહેશે.**

**06**

સામાન્ય રીતે શાળામાં ઉપલા ધોરણોમાં માતા પિતા/ વાલી સાથે અનૌપચારિક રૂબરૂ મુલાકાત અને વાર્ષિક પરીક્ષાનું પરિણામ તથા જરૂરી મૂલ્યાંકન અને સહ અભ્યાસ પ્રવૃત્તિમાં વિશેષ યોગ્યતાને ધ્યાનમાં રાખી પ્રવેશ આપવામાં આવે છે.

**07**

સંસ્થામાં ઉપલા વર્ગમાં પ્રવેશ સબંધિત રૂબરૂ મૂલાકાત દર વર્ષે ફેબ્રુઆરી માસના બીજા રવિવારે અંગ્રેજી/ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવે છે.

**08**

**Admission in upper classes of English medium, the student who have studied throughout in English medium will be considered only.**

**09**

For upper classes, student will be given provisional admission on vacancy. Wait listed in the desired class will be considered for the first available place.

**10**

**The student will be treated as admitted in desired class only after submission of annual result of present year & original School Leaving Certificate before the commencement of concerned academic year.**

**11**

New Student will not be admitted in 10 th & 12 th standard.

**12**

For the admission in 11th Standard (Science Stream- Gujarati/ English medium) school/ hostel admission form will be issued immediately after the declaration of the result of SSC and must be registered within the prescribed time limit.

## Competitive Examination Tutorial Programme

**13**

Career educational programme for national / international level competitive exam (JEE/PMT/ GUCET/ NSO) preparation will be conducted for students of standard 8 to 12 of English medium. Interested student/parents has to pay separate fee for the same.

## Fee:

**14**

The school is managed by a charitable trust on self-financed base without any assistance from government or donations. The school fee covers all teaching, activity fee and Service snack/meals/ transport fee (if applicable). In order to maintain uniformity & discipline and also for the convenience of the parents.

**15**

Fee structure of the school obtained from the office notice board and must be paid as per the schedule. Fee structure is revised annually.

**08**

**અંગ્રેજી માધ્યમમાં ઉપલા વર્ગમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીએ અગાઉનો તમામ અભ્યાસ અંગ્રેજી માધ્યમમાં મેળવેલ હશે તો જ માન્ય રાખવામાં આવશે.**

**09**

વિદ્યાર્થીઓને ઉપલા વર્ગોમાં જગ્યા આધારિત પ્રવેશ આપવામાં આવશે. જગ્યા ન હોવાના સંજોગોમાં વિદ્યાર્થીઓને જે તે ધોરણની પ્રતિક્ષા યાદી મૂકવામાં આવશે અને જગ્યા થયે યાદી પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે.

**10**

**પ્રવેશપાત્ર થનાર વિદ્યાર્થીના હાલમાં અભ્યાસ કરતા ધોરણના વાર્ષિક પરિણામની અસલ અને પ્રમાણિત નકલ તથા શાળા છોડયાનુ અસલ પ્રમાણપત્ર જમા કરાવ્યા બાદ જ જે તે ધોરણમાં પ્રવેશ માન્ય થયેલ ગણાશે.**

**11**

ધોરણ-10 અને ધોરણ-12 માં નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહી.

**12**

ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમમાં શાળા/હોસ્ટેલ નિવાસ પ્રવેશ ફોર્મ **S.S.C.**ના પરિણામના બીજા દિવસથી શાળા કાર્યાલયમાં દર્શાવેલ સમય પત્રક અને નિતી નિયમો મૂજબ મેળવી જમા કરાવવાના રહેશે.

## સ્પર્ધાત્મક પરીક્ષા અંગે શિક્ષણ કાર્યક્રમ:

**13**

ઉચ્ચ અભ્યાસ અર્થેની રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય સ્તરની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ **(JEE / NEET / GUCET / NSO)**ની તૈયારીઓ માટે સંસ્થામાં જ અલગ ફી ભરવાથી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

## ફી :

**14**

સંસ્થા દ્વારા શાળા સ્વનિર્ભર ચલાવવામાં આવે છે. કોઇ પણ પ્રકારની સહાય મેળવવામાં આવતી નથી.શાળામાં એડમીશન ફી, ટયુશન (શિક્ષણ) ફી, એકટીવીટી ફી અને આપણી શાળામાં એકસૂત્રતા, નિયમિતતા અને શિસ્ત જળવાઇ રહે તેમજ વાલી મિત્રોને સુગમતા પડે તે હેતુસર નાસ્તા, ભોજન, ટ્રાન્સપોર્ટ ફી, (જો લાગુ પડતું હોય તો )લેવામાં આવે છે.

**15**

સંસ્થા દ્વારા સમયાંતરે નિયત કરેલા વિવિધ પ્રકારની ફીની સંપૂર્ણ વિગત સંસ્થા કાર્યાલયના બોર્ડ ઉપર દર્શાવ્યા મુજબ સમય પત્રક મુજબ નિયમિત જમા કરાવવાની રહેશે. આ ફી દર વર્ષે ફેરફારને આધિન રહેશે.

## 16

School students has to pay school fee (Tuition fees / Term fee / Library fee with deposit / Laboratory fee with deposit / Sports fees/ caution money / Examination fee / Entrance fee/ yog & Physical Education fee etc.) as per the challan & schedule given by Institute.

| | | | |
|---|---|---|---|
| First Term | I$^{st}$ Installment | : | Before 20$^{th}$ May |
| Second Term | Ii$^{nd}$ Installment | : | Up to 20$^{th}$ Nov. |

## 17

At the time of admission the student has to pay Non refundable first quarter school fee & Annul transport fee / breakfast fee (if Applicable) by school mobile application within given time.

## 18

There is no fee collection at school. Fees will be paid through school mobile application.

## 19

**The Fees paid beyond the stipulated schedule is considered late fees requiring penalty to be paid according to norms of institute without any arguments/hesitation.**

## 20

The parents who are interested in availing admission in the hostel have to do procedure for the admission by considering their familial/ social/economic conditions, positive -negative consequences & the consent of the student. Fee will not be refunded in case of withdrawal on any flimsy reason by alleging strict rules and regulations/ deteriorating health/ no interest in hostel or any other reasons or excuses.

### DEPOSIT :

## 21

Every student granted for admission needs to pay security deposit as laid down by the school management from time to time. This deposit is non interest bearing and is refundable upon the student passing out / leaving the school.

## 22

**Any unpaid dues of the student shall recover from his/ her security deposit.**

## 16

શાળામાં પ્રવેશપાત્ર થનાર વિદ્યાર્થીએ શાળાફી (ટ્યુશન ફી, ટર્મ ફી, ગ્રંથાલય ફી અને ડીપોઝીટ, પ્રયોગશાળા ફી અને ડીપોઝીટ /જીમખાના ફી / કોશનમની (બાંયધરી રકમ /પરીક્ષા ફી / પ્રવેશ ફી / યોગ અને શારીરિક શિક્ષણ ફી વગેરે) સંસ્થા તરફથી આપવામાં આવેલ સમય પત્રક મૂજબ સંસ્થાની મોબાઇલ એપ દ્વારા અવશ્ય જમા કરાવવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| પ્રથમ સત્ર | પ્રથમ હપ્તો | : | 20મી મે પહેલા |
| દ્વિતિય સત્ર | બીજો હપ્તો | : | 20મી નવેમ્બર સુધી |

## 17

શાળામાં પ્રવેશપાત્ર થનાર વિદ્યાર્થીએ **શાળાફીનો પ્રથમ હપ્તો તથા વાર્ષિક ટ્રાન્સપોર્ટ ફી/નાસ્તા ફી (જો લાગુ પડતી હોયતો)** સંસ્થાની મોબાઇલ એપ દ્વારા ત્રણ દિવસમાં અવશ્ય જમા કરાવવાની રહેશે. જે પરત મળવાપાત્ર રહેશે નહી.

## 18

ફી સંસ્થામાં જમા કરાવવાની રહેશે નહી. સંસ્થાની મોબાઇલ એપ દ્વારા ફી સમયસર જમા કરાવવાની રહેશે.

## 19

**સંસ્થા દ્વારા સમયપત્રક મૂજબ ફી જમા કરાવેલ નહી હોય તો તે લેટ ફી તરીકે ગણાશે અને સંસ્થા દ્વારા સમયાંતરે નકકી કરાતી દંડની રકમ સહિત ફી અલગથી જમા કરાવવાની રહેશે.**

## 20

સંસ્થા દ્વારા સંચાલિત હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વાલીમિત્રો એ આપણા બાળકની સંમતિ, કુટુંબની આર્થિક તથા સામાજિક પરિસ્થિતી અને હકારાત્મક તેમજ નકારાત્મક પાસાઓની વિગતવાર અભ્યાસ કર્યા બાદ જ હોસ્ટેલમાં પ્રવેશ અંગેની કાર્યવાહી કરવી. અન્યથા બાળકોને ગમતું નથી, નિતી નિયમો બહુ કડક છે, સ્વાસ્થ્ય નથી સારૂ રહેતું કે અન્ય કોઇપણ બીનજરૂરી કારણો રજુ કરી પોતાના સ્વખર્ચે અને જોખમે બાળકને લઇ જઇ શકશે પરંતુ તેની **જમા કરાવેલી ફી પરત કરવામાં આવશે નહી કે માફ કરવામાં આવશે નહી.**

### અનામત :

## 21

પ્રવેશપાત્ર દરેક વિદ્યાર્થીએ સંસ્થા દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ પરત મળવાપાત્ર સીકયુરીટી ડીપોઝીટની રકમ જમા કરાવવાની રહેશે. શાળા છોડવાના સમયે વર્ષના અંતે વ્યાજસિવાય પરત ચૂકવવામાં આવશે.

## 22

**કોઇપણ પ્રકારની ફીની બાકી રકમ સીકયુરીટી ડીપોઝીટમાંથી વસૂલ કરવામાં આવશે.**



## 23

The refundeble security deposit will be credited to the bank account at the end of the academic year (June)after leaving the school. Returnable security Deposit must be collected within three years after leaving school by filling the prescribed form along with submission of original fee receipt otherwise Deposit amount can not be refunded after three years of leaving the school.

### IMPREST DEPOSIT :

## 24

An imprest deposit have to be deposited in the beginning of the term to avoid cash transactions through the student for activities, competitions, trips, costume, books and stationery etc.

## 25

All charges for the above mentioned activities will be debited to the student's account with prior approval/information to the parents. A detailed statement of the expenses included under this category will be issued at the end of academy year.

## 26

The parents will be required to replenish the used amount at the beginning of following academic year.

### WITHDRAWAL / REFUND :

## 27

Parents/Guardians are required to inform to the management before ending of concerned academic year in writing in case of withdrawal of the student

## 28

All withdrawn students must submit the withdrawal form signed & signifying all dues cleared and return of all amenities including text books/equipment. No school leaving certificate/annual result will be issued otherwise.

## 29

**The amount of any type of fee** (except deposit amount) will not be refunded under any **circumstances before/after availing the facilities** of the school for the **reasons whatsoever cited by the student/parent.**

## 23

પરત મળવા પાત્ર સીકયુરીટી ડીપોઝીટ શાળા છોડયા બાદ જે તે **શૈક્ષણિક વર્ષના અંતે (જૂન માસમાં)** હિસાબ બાદ ચૂકવવા પાત્ર રકમ બેંક દ્વારા ખાતામાં જમા આપવામાં આવશે.પરત મળવા પાત્ર સીકયુરીટી ડીપોઝીટ શાળા છોડયા બાદ ત્રણ વર્ષ દરમિયાન અસલ ફી પાવતી સહિત શાળા દ્વારા નિયત કરેલ ફોર્મ ભરી મેળવી લેવાની રહેશે અન્યથા શાળા છોડયાના ત્રણ વર્ષ બાદ ડીપોઝીટની રકમ મળી શકશે નહી.

### ખર્ચ અનામત :

## 24

સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીના શૈક્ષણિક વર્ષ દરમિયાન બાહ્ય પરીક્ષાઓ, સ્પર્ધાઓ, યુનિફોર્મ, પ્રવાસ,પુસ્તક / અભ્યાસ સામગ્રી વગેરે અંગેનો રોકડ ખર્ચ પેટે જે તે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં અલગથી રકમ જમા કરાવવાની રહેશે.

## 25

આપશ્રીની પૂર્વ સંમતિ/જાણકારીની અપેક્ષાએ આપના બાળક માટે વર્ષ દરમિયાન પ્રવૃત્તિઓ અંગે કરવામાં આવતો ખર્ચ વિદ્યાર્થીના એકાઉન્ટમાં ગણવામાં આવશે. અને વર્ષના અંતે આ અંગેનું ખર્ચપત્રક આપશ્રીને આપવામાં આવશે.

## 26

નવા શૈક્ષણિક સત્રની શરૂઆત પહેલા આ અનામતની રકમમાં ખર્ચ કરવામાં આવેલ રકમ જમા કરાવવાની રહેશે.

### નામ કમી કરાવવા / રીફંડ મેળવવા માટે :

## 27

શાળા છોડવાના સંજોગોમાં માતા-પિતા/વાલીએ શૈક્ષણિક વર્ષ પુરૂં થતાં પહેલા લેખિતમાં સમયસર જાણ કરવાની રહેશે.

## 28

શાળા છોડી રહેલ વિદ્યાર્થીએ શાળામાંથી મેળવેલ સુવિધાઓ જેવી પુસ્તકો / સાધનો પરત કરેલ અથવા તો તે પેટે ચૂકવવા પાત્ર રકમની ચૂકવણી અંગેની નોંધ અને સહી સાથેનું અરજીપત્રક જમા કરાવવાનું રહેશે. અન્યથા શાળા છોડયાનું પ્રમાણપત્ર / વાર્ષિક પરિણામ આપવામાં આવશે નહિં.

## 29

**શાળાની ફી ભર્યા બાદ જો બાળકને** સત્ર શરૂ થતા પહેલાં કે સત્ર દરમિયાન શાળામાં આવેલ હોય કે ન હોય કે અન્ય કોઇ પણ કારણસર પ્રવેશ રદ કરવાના/ઉઠાડી મૂકવાના સંજોગોમાં કોઇ પણ પ્રકારની ફી **(અનામત ફી સિવાય)** પરત મળી શકશે નહી.

**30**

Payment of fees as per the schedule is very essential. If the fee is not paid beyond the end of the schedule indicated in the fee receipt, the child's name would be struck off from the school's register and all dues shall be forfeited from the security deposit.

**31**

School Leaving Certificate and other necessary documents shall not be issued without payment of all unpaid fee.

**32**

Name of the student will be removed from the school Muster/Records on repetition of delayed payment/or inability on the part of the parent.

**33**

The Conveyance fee is non refundable in any case.

**34**

The Fee will be charged for the term and the refundable security deposit forfeited in case of expulsion of any student for any behavioral issue.

**35**

The student with unpaid fees in full or in part will not be allowed to sit for examinations.

**36**

The fee once paid is non refundable/ transferable in favour of any other student/s.

**37**

**The Management reserves the right to suspend / dismiss / terminate / student if he / she does not confirm to the students code of conduct/acts of indiscipline as listed below will severely dealt with**

- Regular late coming after vacations.
- Not adhering to the hostel/school/dining room / sports field etiquettes.
- **Misusing/damaging school/hostel/sports field property, Scribbling on walls / furniture / bulletin boards / toilet walls etc.**
- Mishandling equipments.
- Inciting other students by disturbing circulars/ pamphlets.
- Openly disobeying rules & regulations..

**30**

સંસ્થા તરફથી દર્શાવેલ ફીના સમય પત્રક મુજબ સમયસર ફીની રકમ જમા કરાવવાની અતિ આવશ્યકતા છે. જેમાં કસૂરવાર થયે આપના બાળકનું નામ શાળાના રજીસ્ટરમાંથી આપો આપ કમી કરી દેવામાં આવશે. અને સીક્યુરીટી ડીપોઝીટમાંથી આ રકમ વસૂલ કરવામાં આવશે.

**31**

**શાળામાં આપણો નાણાકીય વ્યવહાર સંપૂર્ણ પણે ચૂકતે કરેલ હશે તો જ શાળામાંથી શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા અન્ય જરૂરી દસ્તાવેજ કે કાર્યવાહી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.**

**32**

શાળામાં નિયત કરેલી ફી વારંવાર સમયસર નહી જમા કરાવી શકતા વાલી મિત્રોનાં બાળકનું નામ શાળામાંથી કમી કરવામાં આવશે.

**33**

બસ ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહી.

**34**

કોઈપણ પ્રકારની ગેરવર્તણૂંક/ગેરશિસ્તના કારણે કોઈપણ વિદ્યાર્થીને સંસ્થામાંથી બરતરફ કરવામાં આવે તેવા સંજોગોમાં જે તે વિદ્યાર્થીએ જે તે સત્રની ફીની રકમ ચૂકવવાની રહેશે. અને પરત મળવાપાત્ર સીક્યુરીટી ડીપોઝીટની રકમ ચૂકવવામાં આવશે નહી.

**35**

સંપુર્ણ ફીની રકમ બાકી હશે કે અંશતઃ ફી જમા કરાવેલ હશે તો પણ કોઈ પણ સંજોગોમાં વિદ્યાર્થીને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી

**36**

**સંસ્થામાં જમા કરાવેલ કોઈપણ પ્રકારની ફી પરત મળવા પાત્ર કે બીજાના નામે તબદીલ થઇ શકશે નહી.**

**37**

વિદ્યાર્થી હોસ્ટેલ – શાળાના નિતી નિયમોનું પાલન કરવામાં બેદરકાર રહેશે કે તેનો ભંગ કરશે તો તેને / તેણીનીને સંસ્થામાંથી ચોકકસ કે કાયમી મુદ્દત માટે દુર કરવાનો અધિકાર વ્યવસ્થાપક મંડળના હસ્તક રહેશે.નીચે દર્શાવેલ ગેરશિસ્ત ભર્યુ વર્તન સખત પગલાંને પાત્ર રહેશે.

- વેકેશન કે વાલી મિટીંગ પછી કાયમ અનિયમિત આવવું.
- હોસ્ટેલ / શાળા કે ડાઈનીંગ રૂમની રીત –રસમોનું પાલન ન કરવું.
- **શાળા કે હોસ્ટેલની સ્થાવર મિલકતને નુકસાન કે તોડફોડ દિવાલો/ ફર્નીચર /બુલેટિન બોર્ડસ /બાથરૂમ-ટોયલેટમાં લખાણ કરવા લીટા પાડવા જેવી પ્રવૃત્તિઓ કરવી.**
- સાધનોનું બેદરકારી પૂર્વક વાપરવું /મૂકવું /ગોઠવવું.
- વિદ્યાર્થીઓને સરકયુલર / પેમ્ફલેટ આપીને ખરાબ વર્તન કરવા ઉશ્કેરવાની પ્રવૃત્તિ કરવી.
- જાહેરમાં કાયદા, કાનૂનની અવગણના કરવી.





- Using **vulgar & objectionable language.**
- Displaying violent behavior insubordination & contempt of authority.
- **Holding possessions of any electronic gadgets such a mobiles / MP3 / CD players / camera / electronic games etc.**
- **Chewing gums, pan/pan-masalas, banned drugs, cigarettes & any unlawful items of consumption.**
- Improper hair style, Ear rings (for boys).
- Leaving the hostel/school premises without the permission / knowledge of the authorities.
- Misusing the communication facility.
- Any help from the across or to get any kind of material from outside.

- **અશોભનીય વાંધા જનક ભાષાનો ઉપયોગ કરવો.**
- સત્તા મંડળનો કે તેના અધિકારોનો તિરસ્કાર કે તેના પ્રત્યે હિંસક વર્તણૂંક.
- **મોબાઈલ, એમ.પી-૩ / સીડી પ્લેયર / રેડીયો, કેમેરા કે અન્ય ઈલેકટ્રોનીકસ સાધનો પાસે રાખવા.**
- **ચ્યૂંઇગમ, પાન / મસાલા / ગુટકા પ્રતિબંધિત ડ્રગ્સ, સિગારેટ કે ગેરકાનૂની વસ્તુઓનો ઉપયોગ કરવો.**
- બિનજરૂરી હેર સ્ટાઇલ / કાનમાં ( છોકરીઓ ) રીંગ પહેરવી.
- સત્તા મંડળની જાણકારી કે પરવાનગી વગર શાળા કે હોસ્ટેલ છોડીને ભાગવું.
- સંદેશા સવલતોનો દૂરઉપયોગ.
- હોસ્ટેલમાં રહેલા વિદ્યાર્થીઓ સંદેશા કે કોઈપણ વસ્તુ સાહિત્ય આપ લે માટે રેગ્યુલર વિદ્યાર્થીની મદદ લઈ શકશે નહિ.

## School Conveyance Facilities( If applicable)

**38**

The Institute provides conveyance facilities to the students for those who are residing within the radius of 30 kms. from the School on the following routes. It is mandatory for the students who reside on the Bus routes to avail this facility for attending the school and returning to their respective homes.

## સ્કુલ બસ સુવિધા ( લાગુ પડતુ હોય તો )

**38**

સંસ્થા દ્વારા નીચે દર્શાવેલ રૂટ મુજબ સંસ્થામાંથી **30 km** ની ત્રિજયામાં આવતા ગામોમાંથી બાળકોને લાવવા-મૂકવાની બસ વ્યવસ્થા કરવામાં આવે છે. **સંસ્થાના રૂટમાં આવતા બાળકોને સ્કૂલ બસમાં આવવું ફરજીયાત છે.**

| અનુ. નંબર | સ્કુલ બસ રૂટની માહિતી |
|---|---|
| 1. | **Barkal** - Simli, Segva, Mota Karala, Bithli, Moletha, Barkal |
| 2. | **Malsar**- Sinor, Damapura, Malsar |
| 3. | **Sadhli**- Sadhli, Awakhal, Chhanbhoi, Malpur |
| 4 | **Chandod**- Satisana, Nana Karala, Vaniyad, Chandod |
| 5. | **Karjan**- Utraj, Tinglod, Vemar, Kurali, Karjan, Kandari, Dhavat, Manjrol |
| 6. | **Dabhoi**- Dabhoi, Anandi, Simli |
| 7. | **Mandala**- Mandala, Kayavarohan, Lingasthali, Timberwa |
| 8. | **Pisai**- Puniyad, Bhekhada, Sandha, Pisai |

**39**

The day school student has to pay additional fee separately as per their bus route.

**40**

**The parents have to pay additional expenses due to rise in prices of Diesel, Transport/RTO taxes any time during the year.**

**39**

સંસ્થા દ્વારા નિયત કરેલ બસ વ્યવસ્થામાં ડે સ્કુલ આવતા બાળકોએ નિયત કરેલ ફી અલગથી આપવાની રહેશે.

**40**

**ટ્રાન્સપોર્ટ /આરટીઓ ટેક્ષ તથા ડીઝલમાં થતા ભાવ વધારાના કારણે વર્ષદરમિયાન ગમે ત્યારે ભાવ વધારો આવી શકે જેની વધારાની ફી જમા કરાવવાની રહેશે.**

**41**
There will be only one pick-up point on a particular bus route in the places mentioned above and therefore, it is necessary to reach the point in time. The parent is responsible for leaving the student at his own expenses at school in case of failure in this respect.

**42**
Institute will not be responsible for any damages caused to the bus, injury to the student or any accident due to the mischievous / violent acts by students or drivers.

**43**
**The transport fee shall not be refunded under any circumstances**

**44**
The parents are requested to co-operate in the venture & the system of school bus for the convenience to your child.

**41**
દરેક બસ રૂટમાં આવતા ગામોમાં ફકત એક જ પીક-અપ સ્ટેન્ડ નકકી કરવામાં આવે છે. જયાં સમયસર પહોંચવું અતિ આવશ્યક છે. જેમાં કસૂરવાર થએ વાલીએ બાળકને શાળાએ પહોંચાડવાની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશે.

**42**
વિદ્યાર્થીના કોઈપણ જાતના ગેરશિસ્તના કારણે બસમાં થતાં નુકશાન, બાળકને ઈજા કે કે અકસ્માતના સમયે સંસ્થા જવાબદાર રહેશે નહી.

**43**
**બસ ફી જમા કરાવ્યા બાદ કોઈપણ સંજોગોમાં બસ વ્યવસ્થામાં જોડાવા ન માંગતા વિદ્યાર્થીને બસ ફી પરત મળવા પાત્ર રહેશે નહી.**

**44**
સ્કુલબસ એક સગવડના ભાગ રૂપે છે,. આથી દરેક વાલી મિત્રોએ તથા વિદ્યાર્થીઓએ સ્કુલ બસની વ્યવસ્થામાં યોગ્ય સાથ સહકાર આપવાનો રહેશે.



## Admission / પ્રવેશ 2025-26

### Admission Criteria/Schedule — પ્રવેશ અંગેની યોગ્યતા/ સમય પત્રક

### 2025 થી શરૂ નવા શૈક્ષણિક સત્ર માટે

| Admission<br>પ્રવેશ | English Medium / ગુજરાતી માધ્યમ | |
|---|---|---|
| | K.G. Section/ પૂર્વ પ્રાથમિક વિભાગ | For Upper Classes/ ઉપલા વર્ગો માટે |
| Admission Form Distribution<br>પ્રવેશ ફોર્મ આપવાની તારીખ | 20-01-2025 To 25-01-2025<br>(10:00 to 1:00 pm) | 20-01-2025 To 25-01-2025<br>(10:00 to 1:00 pm) |
| Form Registration Last Date<br>પ્રવેશ ફોર્મ નોંધની છેલ્લી તારીખ | 31-01-2025<br>(10:00 to 1:00 pm ) | 31-01-2025<br>(10:00 to 1:00 pm ) |
| Age Criteria (ઉમર) | Play Group / શિશુ-૧<br>3yrs on/before 01-06-2025<br>3 વર્ષ પુરા 01 લી જુન 2025 પહેલા<br>Birth Date/જન્મ તારીખ :<br>02-06-2021 to 01-06-2022<br>(No Entrance Test / પ્રવેશ પરીક્ષા સિવાય) | Std. 1st Onwards on vacancy base<br>ધોરણ –1 તથા ઉપરના ધોરણો માટે<br>( ખાલી જગ્યા આધારિત ) |
| Parent Meeting<br>વાલી મીટીંગ | 02-02-2025, Sunday, 9:30 AM<br>રવિવાર, સવારના 9:30 કલાકે | 02-02-2025, Sunday, 9:30 AM.<br>રવિવાર, સવારના 9:30 કલાકે |
| Admission Declaration<br>પ્રવેશ યાદી | 02-02-2025, Sunday, 9:30 AM<br>રવિવાર, સવારના 9:30 કલાકે | 05-02-2025, Monday, 3:00 PM.<br>સોમવાર,બપોરના 3:00 કલાકે |
| Payment of Fees<br>ફી ભરવાની તારીખ | 03-02-2025 To 16-02-2025 | 04-02-2025 To 17-02-2025 |

**સરકારશ્રીના પરિપત્ર અનુસાર 1 જૂન 2025ના રોજ 6 વર્ષ પર્ણૂ કરેલ વિદ્યાર્થી ધોરણ-1માં પ્રવેશપાત્ર ગણાશે.**


૮મી ટ્રમ્પોલીન જિમ્નાસ્ટીક નેશનલ ચેમ્પિયનશિપમાં મોટા ફોફળીયાનું ગૌરવ
સતત બીજા વર્ષે કાયાકલ્પ એવોર્ડ મળ્યો
મોટાફોફળીયાના આરોગ્ય કેન્દ્રની સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સુવિધાની ઉત્કૃષ્ટ કામગીરી
SUNDAY, 24-11-2019
નડીયાદ ખાતે યોજાયેલી આર્ચરીની રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ
શિનોર તાલુકાના મોટા ફોફળીયા ગામનું આર્ચરીમાં ગૌરવ વધારતી વિદ્યાર્થિનીઓ
મોટાફોફળિયાગામેસ્કાયયોજનામાં કૂવો ધરાવતા ૭૮ ખેડૂતો જોડાયા
મોટા ફોફળિયાની છાત્રાઓ તીરંદાજીની રાષ્ટ્રીય સ્પર્ધામાં ચાર ગોલ્ડ સાથે પ્રથમ
વડોદરા ફ્રંટ પેજ
દેશની દિશા બન્યું મોટા ફોફળિયા
વડોદરા - છોટાઉદેપુર જિલ્લા
શિનોર તાલુકાના મોટાફોફળીયાની
સી. એ. પટેલ લર્નીંગ ઈન્સ્ટીટ્યૂટની જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સંકૂલ તરીકે પસંદગી
First camp for differently abled women cricketers
મોટા ફોફળિયાના બે વિદ્યાર્થીઓ જિમ્નેસ્ટિકના રાષ્ટ્રીય જજ બન્યાં
મોટા ફોફળીયા ખાતે આરોગ્ય કેમ્પમાં 1300થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો
Training India's future gymnastic coaches